# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૩૦  મુસા મરણ પામે છે (પુનર્નિયમ અધ્યાય ૩૦-૩૪)

ઈશ્વરની દ્રષ્ટિમાં આત્મિક નેતાઓનાં ચારિત્ર્યની  કિંમત અતિ ઘણી છે. શાસ્ત્ર કહે છે કે, જે લોકો વિશ્વાસીઓનાં નેતા છે તેઓ જો વિશ્વાસમાં નિષ્ફળ જાય તો તેઓએ ઘણી મોટી કિંમત ચુકવવી પડે છે. ઈસુએ શિખવ્યું છે કે, "જેઓને ઘણુ આપેલુ છે તઓની પાસેથી ઘણું માંગવામાં આવશે." (લુક ૧૨:૪૮). આ પાઠમાં મુસાની મહાન લાયકાતો તથા આશ્ચર્યજનક નિષ્ફળતા તેમ બંને વિષે શીખીશું.

દેવે મુસાને કહયું કે, " આ પર્વત ઉપર ચઢ અને જે દેશ મેં ઈસ્રાએલ પુત્રોને આપ્યો છે તે જો. અને જેમ તારો ભાઈ હારૂન મરી ગયો તેમ તું પણ તે જોઈન તારા પુર્વજોની સાથે મળી જશે. કેમકે સિનનાં અરણ્યમાં, જમાતનાં ઝઘડામાં, મરીબાહનાં પાણી પાસે તેઓની આગળ મને પવિત્ર માનવા વિશે તમે મારી વિરૂધ્ધ ફીતુર કર્યુ છ. (ગણના ૨૭:૧૨-૧૪). ત્યારે મુસાએ પ્રાર્થના કરીકે, "હે દેવ તે લોકો પર તું એક માણસ નિયુકત કર કે જે તેઓની મોખરે રહીને બહાર જાય અને મોખરે રહીને અંદર આવે કે જેથી યહોવા દેવનાં લોક પાળક વગરનાં ઘેટાં જેવા ન થઈ જાય." દેવે કહયું, "નૂનનો દિકરો યહોશુઆ, કે જેનામાં મારો આત્મા છ, તેને તારી પાસે બોલાવીને તેનાં પર તારો હાથ મૂક. એલઆઝાર યાજક તથા આખી જમાતની આગળ તેને ઉભો કર, અને તેઓના દેખતાં તેને દીક્ષા આપ. અને તારો કેટલોક અધિકાર તું તેને આપ કે, ઈસ્રાએલપુત્રોની આખી જમાત તેની આજ્ઞા માને. અને એલઆઝાર યાજકની સાથે તે ઉભો રહે અને ઉરીમના ચુકાદા વડે તે યહોવાની સંમુખ લોકોને સારુ ખબર પૂછે."

હવે ઉરીમનો અર્થ તો 'પ્રકાશ' છે કે જે પ્રમુખ યાજકની છાતી ઉપર રાખવામાં આવતુ, કે જે હારૂનને તેનાં પ્રથમ વસ્ત્ર તરીકે આપવામાં આવ્યું હતુ. (નિર્ગમન ૨૮:૩૦). ઉરીમ તથા તુમ્મીમ એ બંને પ્રમુખ યાજક દવારા દેવની સલાહ પુછવા માટે ઉપયોગમાં લેવામાં આવતા હતા. તેઓ બંને ખુબ કિમતી પથ્થરો હતા અને જયારે ચોકકસ પ્રશ્નો ઉભા થાય ત્યારે દેવની સલાહ પુછવા માટે તેઓ કામમાં આવતા. તેઓનાં દ્વારા એલઆઝર યાજક દ્વારા દેવનાં લોકોને સારુ સંદેશો તથા દોરવણી પ્રાપ્ત કરવામાં આવતો. આથી મુસાએ જે પ્રમાણે દેવે આજ્ઞા હતી તે પ્રમાણે કર્યુ. તેણે યહોશુઆને લઈને એલઆઝર તથા લોકોની સમક્ષ તેને ઉભો કર્યો અને પોતાનાં હાથો તેનાં પર મુકીને ઈસ્રાએલી લોકને દોરવણી આપવા સારુ અધિકાર આપ્યો. (ગણના ૨૭:૧૫-૨૩).

ઈશ્વર દ્વારા આપવામાં આવેલી આજ્ઞાઓને મુસાએ લોકો સમક્ષ ફરી દોહરાવી. પછી તેણે કહયું, "મારી પાસે તમારે સારુ આજ્ઞા છે. તે અઘરી નથી કે જે તમ પાળી ના શકો. તે

આજ્ઞા તો સામાન્ય છે. આજે હું તમને યહોવા તમારા દેવ પર પ્રેમ રાખવાની, તેનાં માર્ગોમાં ચાલવાની, અને તેની આજ્ઞાઓ તથા તેનાં વિધિઓ તથા તેનાં કાનુનો પાળવાની આજ્ઞા આપુ છુ, કે જેથી તમે જીવતા રહો અને તમારી વૃધ્ધિ થાય. મે આજે આકાશને તથા પૃથ્વીને તમારી સામે સાક્ષી તરીકે રાખ્યા છે. દેવે તમારી આગળ જીવન તથા મરણ આશીર્વાદ તથા શાપ મુકયા છે. માટે જીવન પસંદ કરો કે જેથી તમે તથા તમારા સંતાન જીવતા રહો. યહોવા તમારા દેવ પર પ્રિતિ રાખવાનું, તેની વાણી સાંભળવાનું તથા તેને વળગી રહેવાનું પસંદ કરો, કેમકે તેમા જ તમારુ જીવન છ."

અને મુસાએ લોકોને કહયું કે, "હું આજે ૧૨૦ વર્ષની ઉંમરનો થયો છું. હું હવે પછી બહાર કે અંદર આવ-જા કરી શકતો નથી. અને યહોવા દેવે મને કહયું છે કે, તું આ યર્દનને પેલે પાર જવા પામશે નહિ. પણ દેવ પોતે તમારી આગળ પાર જશે. દેવ તમારી આગળ રહેલા રાષ્ટ્રોનો નાશ કરશ અને તમે તેઓનું વતન પામશો. જેમ દેવે કહયું છે તેમ યહોશુઆ પણ તમારી આગળ પેલે પાર જશે. બળવાન તથા હિંમતવાન થાઓ અને ડરો મા. કેમક જે તમારી સાથે છે તે તો યહોવા તમારો દેવ છે. (પુનર્નિયમ ૩૧:૧-૬).

પછી મુસાએ યહોશુઆને કહયું કે, "બળવાન તથા હિંમતવાન થા. કેમકે જે દેશ આ લોકોને આપવાને દેવ યહોવાએ તેઓનાં પિતૃઓની આગળ સમ ખાધા છે તેમાં તું તેઓની આગળ જશે. દેવ તમારી આગળ જશે તેમજ તમારી સાથે રહેશે. તે તમને છોડી દેશે નહિ કે તજી દેશે નહિ. બીશ મા અને નાહિંમત થઈશ મા.

મુસાએ દેવે આપેલા વચનોને પુસ્તકમાં લખ્યાં અને યાજકને આજ્ઞા આપી કે, દર સાત વર્ષે 'માંડવા પર્વ' વખતે લોકોને વાંચી સંભળાવવા. જેથી કરીને તેમનાં બાળકો અને વંશજો સાંભળે અને દેવનાં ભયમાં રહેતા શીખે અને નિયમનાં વચનો કાળજી પૂર્વક અનુસરે. આમ કહયા બાદ પીસ્ગાહની ટોપ ઉપર 'નબો પહાડ' ઉપર જે યરીખોથી જતાં યર્દન નદી પાસે આવે છે તેનાં પર તે ચડયો. ત્યાંથી દેવે જે દેશ ઈસ્રાએલને આપવાનું વચન આપ્યું હતુ તે તેને દેખાડયો. તે તેણે પૂર્વથી પશ્ચિમ અને ઉત્તારથી દક્ષિણ સુધી દેખાડયો. અને દેવે કહયું કે, "ઈબ્રાહિમ, ઈસહાક તથા યાકુબને આપેલા વચન પ્રમાણે આ દેશ તેં જોયો છે, પણ તું પેલે પાર તેમાં જવા પામશે નહિ. અને જેમ દેવે કહયું હતુ તેમ દેવનો સેવક મુસા મોઆબ દેશમાં મર્યો. અને બેથ પેઓર સામેની ખીણમાં દેવે તેને દાટયોં. અને તેની કબર કયાં છે તે કોઈ જાણતુ નથી. તે ૧૨૦ વર્ષનો હતો તો પણ તેની આંખો ઝાંખી પડી ન હતી, કે તેનાં અંગનું કૌવત ઓછુ થયુ ન હતું. અને મુસાના મરણ પછી ૩૦ દિવસ સુધી ઈસ્રાએલ પુત્રોએ શોક કર્યો. યહોશુઆ પણ બુધ્ધિ તથા જ્ઞાનના આત્માથી ભરપુર હતો. કેમકે, મુસાએ તેના પર પોતાનાં હાથ મુકયા હતા. આથી ઈસ્રાએલ પત્રો જેમ મુસાનું કહેવુ માનતા તેમ જ યહોશુઆનું પણ તેઓ માનવા લાગ્યા.

(હવે મુસા કે જેને યહોવા દેવ મોઢા મોઢ ઓળતા હતા તેના જેવો પ્રબોધક હજી સુધી

ઈસ્રાએલમાં થયેલો નથી. એટલે મિસર દેશમાં ફારુન પર તેથા તેના આખા દેશ પર જે ચિહનો તથા ચમત્કારો ઈસ્રાએલન સારુ કયા તેમાં તેનાં જેવો કોઈ થયો નથી.(પુનર્નિયમ ૩૪:૧૦-૧૧) તો પણ તે જ દિવસે દેવે વચન આપ્યું કે મુસા જેવો પ્રબોધક તેમનામાં ઉભો થશે અને દેવ તેનાં મુખમાં ભવિષ્યવાણીનાં શબ્દો મુકશે.

આ વાતમાં મુસા તથા દરેક આત્મીક નેતાઓએ રાખવાનું ચારિત્ર્ય દર્શાવેલું છે.દેવ તરફ થી કોઈ એક નેતા ઉભો કરવામાં આવતો કે જેથી તે લોકોને દોરવણી આપે અને દેવનાં સાચા આશીર્વાદોને લોકો સ્વીકારી શકે. મુસા તો એક ઉદાહરણ છે કે, જે દેવનાં લોકોને વિશ્વાસુ નેતાગીરી આપી શકયો. વળી તેણે દેવને પણ મોઢા મોઢ નિહાળ્યો હતો.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ પોતાનાં મરણ પહેલા મુસાએ લોકોને કઈ આજ્ઞા આપી ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "યહોવા તારા દેવ પર તું પ્રિતિ કર અને તેની આજ્ઞાઓ પાળ"- તો તમે સાચા છો.

પ્ર.૨ ઈસ્રાએલમાંના અન્ય પ્રબોધકો કરતા મુસા શા માટે જુદો હતો ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "કેમકે મુસાએ દેવને મોઢા મોઢ જોયો હતો." - તો તમે સાચા છો.

પ્ર.૩ શા માટે મુસાને ઈસ્રાએલીઓની સાથે વચનનાં પ્રદેશમાં ન જવા મળ્યું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, "કેમકે લોકોની સમક્ષતમાં દેવને આધિન થવાની બાબતમાં તથા દેવને પવિત્ર ઠરાવવાની બાબતમાં તે નિષ્ફળ ગયો માટે તે તેઓ સાથે જઈ શકયો નહિ"- તો તમે સાચા છો.

દેવનાં તથા તેનાં લોકોનાં વિશ્વાસી નેતા થવા માટે તમારી પાસે શી લાયકાત હોવી જોઈએ તે બાબતે આ પાઠનાં સંદર્ભે વિચાર વિમર્શ કરો.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.